GJVL020020222017

**વલસાડ ના મે.અધિક સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ માં, મું. વલસાડ.**

**સ્પેશ્યલ દિવાની મુકદ્દમા નંબર : ૨૮/૨૦૧૭**

**આંક: ૯૮**

*પ્રાપ્તિ તારીખ: ૧૯.૦૯.૨૦૧૭*

*નોંધ્યા તારીખ: ૧૯.૦૯.૨૦૧૭*

*ફૈસલ તારીખ : ૧૪.૧૧.૨૦૨૪*

*વર્ષ: ૦૭ માસ: ૦૧ દિવસ : ૨૬*

વાદી : ધીરૂભાઇ નીછાભાઇ પટેલ
ઉ.વ.આ.૫૦ ધંધો - ખેતી
રહેવાસી : પારસી ફળીયું, દુલસાડ, તા.જી.વલસાડ.

**વિરૂધ્ધ**

પ્રતિવાદીઓ :

**૦૧.** ફરોખ ટેમુરસ જાલભાઇ માણેકશાના
ઉ.વ.આ. ૫૪, ધંધો-ખેતી,
રહેવાસી : મોટા પારસીવાડ, વલસાડ.

**૦૨.** અદી જાલભાઇ માણેકશાના
ઉ.વ.આ. ૮૨, ધંધો-ખેતી,
રહેવાસી : નરીમાન હોમ, મુગલીસરા, સુરત.

**૦૩.** બનેસીંગ માલુભાઇ ટાંક
ઉ.વ.આ. ૪૫, ધંધો - વેપાર,
રહેવાસી : ૬૦૧, નવકાર ગંજખાના, વલસાડ.

---

**દાવો : કરારના વિશિષ્ટ પાલન અને મિલકતનો વેચાણ દસ્તાવેજ રદ્દ કરવા માટેનો...**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી જે.એલ.ગાંધી

પ્રતિવાદીઓ તરફે વિ.વકીલ શ્રી વી.એસ.કાપડીયા

## *-:: ઠરાવ ::-*

**૦૧.** વાદીના દાવા ની ટુંક માં હકીકત એવી છે કે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં : ૦૧ અને ૦૨ તથા તેમના ભાઈ હોમી જાલભાઈ માણેકશાના નામે ચાલતી હતી. હોમી જાલભાઈ માણેકશાનું અવશાન થતાં સદર હું જમીન પ્રતિવાદી નં : ૧ અને પ્રતિવાદી નં : ૨ ના રેકર્ડ દફતરે ચાલે છે. તેઓ સદર હું ખેતીની જમીન વેચાણ કરવા ખ્વાયશ ઘરાવતા હતા અને વાદી ની મિલકત ખરીદવા માટે જમીન ની શોધ માં હતા. જેથી વાદી પ્રતિવાદી નં : ૦૧ અને ૨ સાથે સંપર્ક માં આવી વાદી એ જમીન ખરીદવાની ઈચ્છા દર્શાવેલી. જે મુજબ પ્રતિવાદી નં : ૦૧ અને ૦૨ વાદી ને જમીન વેચાણ આપવા માટે તૈયાર થયેલા જેથી તારીખ : ૧૪.૧૦.૨૦૦૩ ના રોજ મૌખિક કરાર ના આધારે વેચાણ અવેજની પુરી રકમ રૂા. ૧,૨૦,૦૦૦/- પુરા પ્રતિવાદી નં : ૧ ને ચુકવી આપેલા અને તેમાં પ્રતિવાદી નં : ૨ નો હિસ્સો પણ સમાયેલો હતો. પ્રતિવાદી નં : ૧ અને પ્રતિવાદી નં : ૨ નાઓએ વાદી ને પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવાનો વાયદો કરેલો અને વાદી આ દાવાવાળી મિલકત નો કબજો વાદીને તા. ૧૪.૧૦.૨૦૦૩ ના રોજ સોંપલો અને સમય વીતાવતા આવેલા અને તારીખ : ૦૪.૦૧.૨૦૧૩ વાદીને પાકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરી આપેલો નથી. વાદીએ તા. ૦૪.૦૧.૨૦૧૩ નારોજ આ સાટાખત પ્રતિવાદી નં : ૦૧ સાથે કરેલું અને તેમાં પ્રતિવાદી નં : ૨ નો ઉલ્લેખ પાછળ થી કરેલો. પ્રતિવાદી નં : ૦૧ અને ૦૨ નાઓએ આજ દિન સુધી વાદીને પાકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરી આપેલો નથી. પ્રતિવાદીઓ એ છેતરપીંડી અને ઠગાઈ કરી મોટી રકમ મેળવી સાટાખત મુજબ નું વર્તન કરેલ નથી. પ્રતિવાદી નં : ૧,૨ નાઓ ભેગા થઈ પ્રતિવાદી નં : ૩ પાસે થી રૂા. ૬૫૦૦૦૦/- મેળવી રજીસ્ટ્રર પાકો વેચાણ દસ્તાવેજ દાવાવાળી મિલકત નો પ્રતિવાદી નં : ૦૩ નાઓને કરી આપેલ છે. આમ, હાલ નો દાવો દાખલ કરી વાદીઓ એ નીચે મુજબ ની દાદ માંગેલ છે.

૧. દાવાવાળી મિલકતનો વાદી સાથે થયેલ સાટાખત આધારે પ્રતિવાદી નં : ૧ અને પ્રતિવાદી નં : ૨ નાઓ વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ

કરવા અરજ ગુજારેલ છે.

૨. પ્રતિવાદી નં : ૦૧ અને પ્રતિવાદી નં : ૨ નાએ પ્રતિવાદી નં : ૩ નાઓને તારીખ : ૦૯.૦૧.૨૦૧૪ ના રોજ રૂા. ૬,૫૦,૦૦૦/- લઈ પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલો કે જેનો દસ્તાવેજ નંબર : ૧૪૬ છે. તે બોગસ ખોટો અને ગેરકાયદેસર રીતે કરી આપેલો હોય તે દસ્તાવેજ રદ્દ કરતો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**<u>૦૨.</u>** પ્રતિવાદી નં : ૦૩ નાઓએ હાલ ના દાવા ના કામે આંક : ૧૩ થી દાવા નો જવાબ રજુ રાખી જણાવેલ છે કે વાદી પ્રતિવાદી વિરૂધ્ધ કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદીની દાવા અરજી જેવી છે તેવી વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી કાયદા અને હકીકતમાં મુળ દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી અને તેવા સંજોગોમાં આ કામના વાદી આનુષાંગીક દાદ પણ માંગવા કે મેળવવા હકકદાર નથી. પ્રતિવાદી નં : ૦૧ અને ૦૨ તરફે હાલ ના દાવા ના કામે એકતરફી કાર્યવાહી ચલાવવા માટે નામદાર કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ છે.

**<u>૦૩.</u>** વાદીઓ દ્વારા હાલ ના દાવા ના કામે દાવા અરજી ના સમર્થન માં નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

### <u>-:: વાદીઓ તરફે મૌખિક પુરાવો ::-</u>

| અનુક્રમ નંબર | સાહેદ નું નામ | આંક |
|---|---|---|
| ૧ | ધીરૂભાઈ નીછાભાઈ પટેલ (વાદી) | ૩૦ |
| ૨ | સાહેદ બાબુભાઈ વશનજી પટેલ નું સરતપાસ નું સોગંદનામું | ૫૯ |

### -<u>:: વાદીઓ તરફે દસ્તાવેજી પુરાવો ::-</u>

| અનુક્રમ નંબર | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | જમીન નો વેચાણ કરાર | ટેન્ટેટીવ આંક : ૧૮ |
| ૨ | આકારણી પત્રક | ૧૯ |

| | | |
|---|---|---|
| ૩ | મહેસુલ પાવતી | ૨૦ |
| ૪ | મહેસુલ પાવતી | ૨૧ |
| ૫ | મહેસુલ પાવતી | ૨૨ |
| ૬ | મહેસુલ પાવતી | ૨૩ |
| ૭ | મહેસુલ પાવતી | ૨૪ |
| ૮ | પંચાયત હિસાબ નમુનો | ૨૫ |
| ૯ | મહેસુલ પાવતી | ૨૬ |
| ૧૦ | પંચાયત નો હિસાબ નમુનો | ૨૭ |
| ૧૧ | મહેસુલ પાવતી | ૨૮ |
| ૧૨ | સાટાખત યાને વેચાણ કરાર | ટેન્ટેટીવ આંક : ૨૯ |
| ૧૩ | ગામ નમુનો નંબર : ૭ | ૩૧ |
| ૧૪ | ગામ નમુનો ૮-અ | ૩૨ |
| ૧૫ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ | ૩૫ |

પ્રતિવાદીઓ તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. વાદી તેમજ પ્રતિવાદી નં : ૦૩ ના વિ.વકીલ શ્રી ઓ ની મોખિક દલીલો સાંભળી.

**<u>૦૪.</u>** હાલ ના દાવા ના કામે નામદાર કોર્ટ દ્વારા આંક : ૧૪ થી મુદ્દાઓ કાઢવામાં આવેલ જે નીચે મુજબ છે.

**૦૧.** શું વાદી પુરવાર કરે છે વાદીએ દાવાવાળી મિલકત તારીખ : ૧૪.૧૦.૨૦૦૩ ના રોજ મૌખિક કરાર ના આધારે વેચાણ રાખી અવેજ ની રકમ રૂા. ૧,૨૦,૦૦૦/- પ્રતિવાદીઓ નંબર : ૦૧, ૦૨ ને ચુકવી આપેલ છે ?

**૦૨.** શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી નં : ૦૧ દાવાવાળી મિલકત વેચાણ આપવા હકકદાર હતા ?

**૦૩.** શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી નં : ૦૧ નાએ તા. ૦૪.૧૦.૨૦૧૩ ના રોજ વાદીને કરી આપેલ સાટાખત ખરુ અને કાયદેસર નું છે ?

**૦૪.** શું વાદી દાવાવાળી મિલકત નો કાયદેસર નો કબજો ભોગવટો ધરાવે છે ?

**૦૫.** શું વાદી ના દાવાને સમયમર્યાદા નો બાધ નડે છે ?

**૦૬.** શું વાદી માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર છે ?

૦૭. શું હુકમ અને હુકમનામું ?

ઉપરોકત જણાવેલા મુદ્દાઓ ના નિર્ણયો હવે પછી જણાવેલા કારણો ને આધારે નીચે મુજબ છે.

**૦૧.** નકારમાં,

૦૨. નકારમાં,

૦૩. નકારમાં,

૦૪. નકારમાં,

૦૫. હકારમાં,

૦૬. નકારમાં,

૦૭. આખરી હુકમ મુજબ.

***-:: કારણો ::-***

**<u>૦૫. મુદ્દા નંબર : ૦૧ અને ૦૨</u> શું વાદી પુરવાર કરે છે વાદીએ દાવાવાળી મિલકત તારીખ : ૧૪.૧૦.૨૦૦૩ ના રોજ મૌખિક કરાર ના આધારે વેચાણ રાખી અવેજ ની રકમ રૂા. ૧,૨૦,૦૦૦/- પ્રતિવાદીઓ નંબર : ૦૧, ૦૨ ને ચુકવી આપેલ છે ? શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી નં : ૦૧ દાવાવાળી મિલકત વેચાણ આપવા હકકદાર હતા ? મુદ્દા નંબર : ૦૧ અને ૦૨ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય બંને મુદ્દાઓ ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે. ?**

વાદગ્રસ્ત જમીન ના આંક : ૩૧ વાળા રેવન્યુ રેકર્ડ જોતાં તેમાં હોમી જાલભાઇ, અદી જાલભાઇ તેમજ ફરોખ ટેમુરસ જાલભાઇ ના નામો ચાલી આવેલ છે. વાદી ના કથનો મુજબ વલસાડ ડીસ્ટ્રીકટ ની સબ ડીસ્ટ્રીકટ વલસાડ તાલુકા મોજે દુલસાડ ગામે ખાતા નંબર : ૨૦૦, બ્લોક/સર્વે નંબર : ૪૫૨/પૈકી ૬, હે.૦-૨૩-૨૭ આરે, આકાર રૂા. ૧.૬૦ પૈસાવાળી ખેતીની જમીન તથા એ જમીનમાં આવેલ તમામ પ્રકાર ના ઝાડબીડ ઇઝમેન્ટસ્ રાઇટસ્ સહિત તારીખ : ૧૪.૧૦.૨૦૦૩ ના રોજ રૂા. ૧૨૦૦૦૦/-પુરામાં મૌખિક કરારથી વેચાણ આપવાનું નકકી કરેલ અને સદર મિલકત અદી જામલભાઇ અને

હોમી જામલભાઈ ની સંયુકત અને સહિયારી ચાલી આવેલી છે. જેમાં હોમી જામલભાઈ મરણ પામેલા છે અને તેઓના વારસદારમાં કોઈ નથી. હાલ ના દાવા ના કામે ટેન્ટેટીવ આંક : ૨૯ થી સાટાખત યાને વેચાણ કરાર વાદી દ્વારા રજુ રાખવામાં આવેલ છે જે દસ્તાવેજ રજીસ્ટર્ડ દસ્તાવેજ ન હોય અને રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર્સ ઉપર નોટરી રૂબરૂ કરવામાં આવેલ હોય તેમજ વાદી દ્વારા સદર દસ્તાવેજ ને પુરવાર કરવામાં આવેલ ન હોય જેથી સદર દસ્તાવેજી ની કોઈ પુરાવાકીય મુલ્ય હાલ ના દાવા ના કામે આંકી શકાય નહિં અને સદર દસ્તાવેજ પુરવાર માની શકાય તેમ નથી. આંક : ૩૦ થી રજુ વાદી ની જુબાની વંચાણે લેવામાં આવે તો તેમાં વાદી તેમની ઉલટ તપાસ માં એ હકીકત કબુલ મંજુર રાખેલ છે કે દાવાવાળી જમીન ના ૭/૧૨ માં મારા શેઠ ફારોખભાઈનું નામ ચાલે છે. એ વાત ખરી છે કે જમીન મુળ તેમુરસભાઈની હતી. તેમુરસભાઈને એક દિકરો ફારોખ છે. જાલભાઈએ તેમુરસના ભાઈ થાય છે અને ફારોખભાઈના કાકા થાય છે. જાલભાઈ જીવીત છે કે અવસાન પામેલ છે તેની મને ખબર નથી. એ વાત ની મને ખબર નથી કે જમીન ના ૭/૧૨ માં હોમીભાઈ અને અદીભાઈનું નામ ચાલે છે. એ વાત ખરી છે કે આ ત્રણેય ઈસમોએ દુલસાડ મુકામે ની કેટલીક જમીનો અન્યોને વેચાણ કરી દીધેલ છે. એ વાત ની મને ખબર નથી કે આ ત્રણેય ઈસમો વચ્ચે તેઓની જમીનની વહેંચણી થયેલી છે કે કેમ. એ વાત ની મને ખબર નથી કે દુલસાડ મુકામેની જમીનો આ ત્રણેય ના નામે ચાલે છે કે કેમ. જમીન ખરીદ કરતાં અગાઉ મેં જમીન ના ૭/૧૨ પત્રકો જોયેલ નથી. સને ૨૦૦૩ ના વર્ષમાં દાવાવાળી જમીન ફારોખ તેમુરસ અને તેમના કાકા અદીભાઈના નામે ચાલતી હતી. એ વાત ખરી છે કે હોમીભાઈ અદીભાઈના ભાઈ થાય છે. એ વાત ખરી છે કે હોમીભાઈ અવસાન પામેલ છે. હોમીભાઈના વારસોમાં કોણ છે તેની મને ખબર નથી. દાવાવાળી જમીન ના ૭/૧૨ પત્રકો મે કઢાવેલા નથી. દાવાવાળી મિલકત ના રેવન્યુ રેકર્ડ માં મારું નામ દાખલ થયું નથી. આ પ્રયત્ન સને ૨૦૦૬ માં કરેલો. સાહેદ જણાવે છે કે નામ દાખલ કરાવવા તૈયારી કરેલી પરંતુ તેઓ મળેલા નહિં. મે જમીન મારા નામે દાખલ કરાવવા પુછપરછ કરેલી પરંતુ ફારોખભાઈ મળેલા નહિં તેથી તે કાર્યવાહી રહી ગયેલી. એ વાત ખરી છે કે સને ૨૦૦૬ માં ફારોખભાઈ વલસાડ મુકામે રહેતા હતા. મે સને ૨૦૦૬ માં મને મળતાં હતા તેથી મેં તેઓને કાગળ લખેલો નહિં. મે સને ૨૦૦૬ માં ફાખભાઈને દસ્તાવેજ કરી આપવા વિનંતી કરેલી પરંતુ તેઓએ છેતરપિંડી કરેલી તેથી મને દસ્તાવેજ

કરી આપેલ નહિં. સને ૨૦૦૬ બાદ મેં કોઇ ફરિયાદ કરી નથી. એ વાત ખરી નથી કે ફારોખભાઇ ને નાણાં ચુકવ્યાનો દસ્તાવેજી પુરાવો મેં આ કામે રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે હું અદીભાઇને કોઇ દિવસ મળેલ નથી. એ વાત ખરી છે કે હું જાલભાઇને કોઇ દિવસ મળેલ નથી. સાહેદ જણાવે છે કે તેઓએ ફારૂખ તેમુરસને પાવર આપેલ છે. મેં ફારોખ તેમુરસનો પાવર મેં જોયેલો છે. તે પાવર આ કામે મેં રજુ કરેલ છે કે કેમ તેની મને ખબર નથી. હોમીભાઇએ ફારોખભાઇને પાવર આપેલાની મને ખબર છે. તેઓએ કઇ તારીખે પાવર આપેલો તેની મને ખબર નથી. હોમીભાઇએ પાવર આપેલ હોય તેવો દસ્તાવેજ મેં જોયેલ નથી. દાવાવાળી જમીનના અવેજ ની રકમ મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે સને ૨૦૦૬ થી સને ૨૦૧૪ સુધી મેં કોઇ દિવાની રાહે કોર્ટમાં કાર્યવાહી કરેલી નથી. એ વાત ખરી છે કે હોમીભાઇને દાવામાં પક્ષકાર તરીકે જોડેલા નથી. સાહેદ જણાવે છે કે હોમીભાઇએ ફારોખભાઇને પાવર આપેલ હોય તેમને જોડવાની જરૂર નથી.

આમ, વાદી પોતે જયારે નામદાર કોર્ટ માં એ હકીકત જાહેર કરતાં હોય કે તેમને દાવાવાળી મિલકત જે મૌખિક કરાર થી તેમને વેચાણ આપેલ હતી તે કરાર ના અવેજ ની રકમ તેમને ખબર નથી. વાદી જે પાવર ઓફ એર્ટર્ની ની હકીકત નામદાર સમક્ષ જાહેર કરેલ છે તે પાવર હાલ ના દાવા ના કામે રજુ રાખેલ નથી તેમજ તા. ૦૪.૧૦.૨૦૧૩ ના રોજ વાળા સાટાખત યાને વેચાણ ના કરાર માં તેનો ઉલ્લેખ પણ નથી. દાવાવાળી જમીન એ સંયુકત માલિકી ની જમીન છે જે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ ઉપર થી ફલિત થાય છે. સદર સંયુકત માલિકી ની જમીન માં વહેંચણી થયા વગર કે સહ-માલિક ની મંજુરી વગર સદર જમીન કે તેનો કોઇ ભાગ વેચી શકાય નહિં. જેથી વાદી જે હકીકત વાળો દાવો લઇને આવેલ છે તે હકીકતો રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ થી પણ પુરવાર થતી ન હોય મુદ્દા નંબર : ૦૧ અને ૦૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને કહેવાતો મૌખિક કરાર હાલ ના દાવા ના કામે પુરવાર થયેલ નથી.

**<u>૦૬. મુદ્દા નંબર : ૦૩ :-</u> શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી નં : ૦૧ નાએ તા. ૦૪.૧૦.૨૦૧૩ ના રોજ વાદીને કરી આપેલ સાટાખત ખરું અને કાયદેસર નું છે ?**

ટેન્ટેટીવ આંક : ૨૯ વાળું સાટાખત યાને વેચાણ નો કરાર હાલ ના દાવા ના કામે પુરવાર કરવામાં આવેલ નથી. વાદી દ્વારા ટેન્ટીટીવ આંક પડયા બાદ સદર દસ્તાવેજ ને

સદર દસ્તાવેજ ના સાક્ષી હંસાબેન ધીરુભાઇ પટેલ ની જુબાની થી પુરવાર કરાવેલ નથી. જેથી સદર દસ્તાવેજ હાલ ના દાવા ના કામે પુરવાર નથી. જેથી મુદ્દા નંબર : ૦૩ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

**<u>૦૭. મુદ્દા નંબર : ૦૪ :-</u> શું વાદી દાવાવાળી મિલકત નો કાયદેસર નો કબજો ભોગવટો ધરાવે છે ?**

હાલ ના દાવા ના કામે વાદી દાવાવાળી મિલકત નો કાયદેસર નો કબજો ભોગવટો ધરાવતા હોય તેવો એકપણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ વાદી વાદગ્રસ્ત જમીન ના કાયદેસર ના માલિક તેમજ કબજેદાર હોય તે હકીકત પણ હાલ ના દાવા ના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ ઉપર થી પુરવાર થયેલ નથી. વાદી ના સાહેદ બાબુભાઈ વશનજી પટેલ તેમની આંક : ૫૯ ની જુબાની માં એ હકીકત જણાવી ગયેલ છે કે એ વાત ખરી છે કે દાવાવાળી જમીન મૂળ ફારુકબાઇ તેમુરસ માણેકશાહ ના નામે ચાલતી હતી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન ના અન્ય માલિક જાલભાઈ અને હોમીભાઈ હતા. એ વાત ખરી છે કે હોમીભાઈ અને જાલભાઈ બંને અવસાન પામેલા છે. આમ, વાદી એ વાદગ્રસ્ત મિલકત/જમીન ના કાયદેસર ના માલિક તેમજ કબજેદાર નથી. જેથી વાદીઓ વાદગ્રસ્ત જમીન માં કોઈ કાયદેસર નો કબજો ભોગવટો ધરાતા ન હોય મુદ્દા નંબર : ૦૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>૦૮. મુદ્દા નંબર : ૦૫ :-</u> શું વાદી ના દાવાને સમયમર્યાદા નો બાધ નડે છે ?**

વાદી ના દાવા ને સમય મર્યાદાનો બાધ નડે છે કારણે વાદી પોતે તેમની દાવા અરજી માં તેમજ ટેન્ટેટીવ આંક : ૨૯ વાળા દસ્તાવેજ માં જણાવેલ છે કે તેમને પક્ષકારો વચ્ચે સને ૨૦૦૩ ની સાલ માં મૌખિક કરાર થયેલો જેથી કરાર ના વિશેષ પાલન માટે નો દાવો સને ૨૦૦૩ થી ત્રણ વર્ષ માં કરવો પડે જે વાદી દ્વારા કરવામાં આવેલ નથી. જેથી હાલ ના દાવા ને સમયમર્યાદાનો બાધ નડે છે.

**<u>૦૯. મુદ્દા નંબર : ૦૬ :-</u> શું વાદી માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકકદાર છે ?**

મુદ્દા નંબર : ૦૧ અને ૦૨ માં વિસ્તાર થી ચર્ચા કરી ગયા તે મુજબ હાલ ના દાવા

ના કામે વાદી ના કથનો મુજબ તેઓને પ્રતિવાદી નં : ૦૧ સાથે સને ૨૦૦૩ ની સાલ માં મૌખિક કરાર થયેલો પરંતુ સદર કરાર હાલ ના દાવા ના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ ઉપર થી પુરવાર થયેલ નથી. વધુ માં સને ૨૦૦૩ માં થયેલા કરાર બાદ ત્રણ વર્ષ માં વાદી એ દાવો દાખલ કરેલ નથી જેથી હાલ ના દાવા ને સમય મર્યાદાનો બાધ નડે છે. વાદી પોતે પોતાની જુબાની માં એ હકીકત કબુલ કરી ગયા છે કે વાદગ્રસ્ત જમીન બાબતે તેમણે સને ૨૦૦૬ થી સને ૨૦૧૪ સુધી માં કોઇ દિવાની રાહે કોર્ટ માં કાર્યવાહી કરેલી નથી. વાદગ્રસ્ત મિલકત ની વહેંચણી થયા વગર એક પણ પક્ષકાર પોતાના હિસ્સાની કોઇ પણ જમીન કે મિલકત અન્ય કોઇને વેચાણ આપી શકે નહિં. વાદી ના કથનો મુજબ વાદગ્રસ્ત જમીન ના માલિકો એ પ્રતિવાદી નં : ૦૧ ને પાવર ઓફ એટર્ની આપેલ હતો. પરંતુ હાલ ના દાવા ના કામે સદર પાવર રજુ રાખવામાં આવેલ નથી. ટેન્ટેટીવ આંક : ૨૯ વાળો વેચાણ કરાર હાલ ના દાવા ના કામે પુરવાર થયેલ નથી. જેથી વાદી હાલ ના દાવા ના કામે માંગ્યા મુજબ ની એકપણ દાદ મેળવવા માટે હકકદાર થતાં નથી. જેથી મુદ્દા નંબર : ૦૬ નો જવાબ નકાર માં આપવામાં આવે છે. અને મુદ્દા નંબર : ૦૭ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**૦૧. વાદી નો દાવો આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**૦૨. ખર્ચ સંબધિત કોઈ હુકમ કરવામાં આવતો નથી.**

**૦૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.**

**હુકમ આજ રોજ તારીખ : ૧૪.૧૧.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૧૪.૧૧.૨૦૨૪
વલસાડ.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
અધિક સીનીયર સીવીલ જજ,
વલસાડ. કોડ નં : જીજે. ૦૧૧૦૦.